INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૧-૦૫-૨૦૨૫**

- **'અબ કી બાર મહેંગાઈ અપાર' નારો ભાજપાની નવી ઓળખ: કૂદકે – ભૂસકે વધી રહેલી મોંઘવારી-બેરોજગારીને રોકવામાં ભાજપ સરકાર નિષ્ફળ**
- **'અચ્છે દિન', 'અમૃતકાળ' જેવા નીતનવા નારાઓથી સામાન્ય-મધ્યમ વર્ગના લોકોનું પેટ ભરાતું નથી: મોંઘવારીથી પીડામાંથી બહાર આવવા ભાજપ વક્તવ્યને બદલે 'કર્તવ્ય' પર ધ્યાન આપે.**

બેફામ મોંઘવારી અને સતત ભાવ વધારાથી ગુજરાત અને દેશની જનતા પીસાઈ રહી છે ત્યારે 'અચ્છે દિન' અને 'બહુત હુઈ મહેંગાઈ કી માર' જેવા રૂપાળા સુત્રો આપતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે મોઘવારીના મારથી દેશમાં ગૃહિણીઓ- સામાન્ય-મધ્યમવર્ગનું બજેટ ખોરવાઈ ગયું. સતત વધી રહેલી મોંઘવારીમાં 'અબ કી બાર મહેગાઈ અપાર'નો નારો ભાજપાની નવી ઓળખ બની ગઈ છે. મોઘવારી હટાવવા માટેના ''અચ્છે દિન' અને 'બહુત હુઈ મહેગાઈ કી માર' જેવા ભાજપના સુત્રો ખોખલા સાબિત થાય છે. ઘરેલુ ગેસ સીલીન્ડર કોંગ્રેસ શાસનમાં ૪૧૫ રૂપિયા મળતો હતો તે આજે ભાજપ સરકારમાં ૧૧૦૦ રૂપિયા જેટલો અતિ મોંઘો થયો છે. વર્ષ ૨૦૧૪માં સીએનજી ૩૮.૧૫ પ્રતિ કિલો હતું જે વર્ષ ૨૦૨૫માં ૮૧.૩૮ રૂપિયાને પાર, વર્ષ ૨૦૧૪માં પેટ્રોલ ૭૦ પ્રતિ લીટર હતું જે વર્ષ ૨૦૨૫માં ૯૬ને પાર, વર્ષ ૨૦૧૪માં ડીઝલ ૫૬ પ્રતિ લીટર હતું જે વર્ષ ૨૦૨૫માં ૯૦ને પાર થયું છે. આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલમાં સતત ઘટાડો હોવા છતાં ભાજપ સરકાર છેલ્લા દશ વર્ષમાં ૧૪૦ કરોડ નાગરિકોના ખિસ્સામાંથી ૩૦ લાખ કરોડ રૂપિયાની લુંટ ચલાવી છે, આ છે ભાજપ સરકારની લુંટનું મોડેલ ! આર્થિક પારાવાર મુશ્કેલીથી દર મહિને એક પરિવાર સામૂહિક આત્મહત્યા કરી રહ્યો છે.

મોંઘવારીની ભેટ આપનાર મોદી સરકાર – ભાજપ સરકાર ને લીધે જનતા વારંવાર પરેશાનીનો સામનો કરી રહી છે. એક બાજુ પરિવારોની આવક સતત ઘટતી જાય છે અને બીજી બાજુ ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે. જે સામાન્ય અને મધ્યમ વર્ગ માટે ભારે ચિંતાનો વિષય છે. મોંઘવારીથી પીડામાંથી બહાર આવવા ભાજપ વક્તવ્યને બદલે 'કર્તવ્ય' પર ધ્યાન આપે, અચ્છે દિન, અમૃતકાળ જેવા નીતનવા માર્કેટિંગ નારાઓથી સામાન્ય-મધ્યમ વર્ગના લોકોનું પેટ ભરાતું નથી. રૂપાળા સુત્રો દ્વારા ભ્રામકતા ઉભી કરી સત્તા મેળવનાર ભાજપ સરકારે દેશની જનતા સાથે છેતરપીંડી કરી છે. ભાજપ સરકારના લુંટકાળમાં જાન લેવા મોંઘવારીમાં જનતાની બચત પર રોજ લુટ ચાલી રહી છે. રોજીંદા જીવનની ખાવાપીવાની ચીજવસ્તુઓ તો અસહ્ય મોઘી થઈ જ છે. ખેડુતોને પૂરતા ભાવ મળતા નથી. વચેટીયાઓ બેફામ લુંટ ચલાવે છે. કાળા બજારીયા - સંગ્રહખોરો માલામાલ થઈ રહ્યા છે. આસમાને

મોંઘવારીથી લાખો પરિવાર મુશ્કેલીમાં મુકાયા છે. સંગ્રહખોર-કાળા બજારિયાઓ માટે 'અમૃતકાળ' છે. ભાજપ સરકાર કેમ આવા સંગ્રહખોરો - કાળા બજારીયાઓને રક્ષણ આપી રહી છે ? તેનો જવાબ આપે.

**છેલ્લા બે મહિનામાં ભાજપ સરકાર દ્વારા જનતાને અપાયા મોંઘવારીના તાજા ડામ.**

| | |
|---|---|
| દૂધ – છાશ | એસ.ટી. ભાડા |
| બેંકીંગ – એટીએમ | જન્મ-મરણના પ્રમાણપત્ર ફી |
| પેટ્રોલ – ડીઝલ | શૈક્ષણિક પાઠ્યપુસ્તકો |
| સી.એન.જી., પી.એન.જી. | ટોલટેક્ષ |
| રાંધણ ગેસ | ટુ-વ્હીલર |
| દાળ-ચોખા-કઠોળ | જંત્રી |
| જીવન રક્ષક દવાઓ | ખાતર |

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા